આજે મુખ્યમંત્રી નવી "સિનેમેટિક ટુરિઝમ પોલિસી" જાહેર કરશે

અભિનેતા અજય દેવગણની ઉપસ્થિતિમાં પાંચ વર્ષ માટેની પોલીસી જાહેર કરાશે : ગુજરાતને ફિલ્મના શૂટિંગ માટે હબ બનાવવાનું લક્ષ્યાંક

ગાંધીનગર તા.૦૯

ભારતીય ફિલ્મ ઉદ્યોગ સમગ્ર વિશ્વમાં સૌથી મોટો ફિલ્મ ઉદ્યોગ છે અને તાજેતરમાં ગુજરાતમાં બનેલી કે શુટિંગ કરાયેલી અનેક ફિલ્મોએ ખૂબ સારું પ્રદર્શન કર્યુ છે. ફિલ્મ નિર્માતાઓનો ફિલ્મના શુટિંગ માટે ગુજરાતના વિવિધ લોકેશન્સની પસંદગી પ્રત્યે ઝોક વધી રહ્યો છે. આ બાબતનો લાભ ઉઠાવી ફિલ્મ નિર્માતાઓને આકર્ષવા રાજ્ય સરકારે તૈયાર કરેલી 'સિનેમેટિક ટુરિઝમ પોલિસી ૨૦૨૨-૨૦૨૭' આવતીકાલે સાંજે સરદાર પટેલ રીંગ રોડ નજીક વૈષ્ણોદેવી સર્કલ પાસે શ્રી શક્તિ કન્વેન્શન સેન્ટર ખાતે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા જાહેર કરવામાં આવશે. આ પ્રસંગે પ્રવાસન મંત્રી પૂર્ણેશ મોદી અને પ્રવાસન રાજ્યમંત્રી અરવિંદભાઈ ઉપસ્થિત રહેશે તેમજ અતિથિ વિશેષ તરીકે બોલીવુડ સ્ટાર અજય દેવગણ ઉપસ્થિત રહેશે.

રાજ્યના પ્રવાસન વિભાગે ફિલ્મ ઉદ્યોગ જગતમાં

રાજ્યની સૌપ્રથમ 'સિનેમેટિક ટુરિઝમ પોલિસી ૨૦૨૨-૨૦૨૭' એ ફિલ્મો દ્વારા પ્રવાસનને પ્રોત્સાહન આપવા અને ગુજરાતના પ્રવાસન સ્થળોને એક્સપ્લોર કરવા માટે ફિલ્મ નિર્માતાઓને આકર્ષવા તરફ રાજ્ય દ્વારા લેવાયેલું એક મુખ્ય પગલું છે. આ યોજના સિનેમેટિક પ્રવૃત્તિઓ માટે આકર્ષક પ્રોત્સાહનો આપે છે જે સિનેમેટિક ટુરિઝમમાં રોજગારીની નવી તકો ઊભી કરશે. આ પોલિસી રાજ્યની જનતા માટે આર્થિક તકો ઉભી કરવામાં અને પ્રાદેશિક, બોલીવુડ, હોલીવુડ, ટીવી અને ઓટીટી ઉદ્યોગ સહિતના ફિલ્મ નિર્માતાઓ માટે ગુજરાતને પસંદગીનું પ્રવાસન સ્થળ બનાવવામાં યોગદાન આપશે. આ સૂચિત યોજના ફિલ્મ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સ, ફિલ્મ સિટી, ફિલ્મ અને ટીવી સ્ટુડિયો, ફિલ્મ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટ, પોસ્ટપ્રોડક્શન સુવિધાઓ, ફિલ્મ મેકિંગ પ્રોજેક્ટ્સ, ફિલ્મ શૂટિંગ, ટીવી અને વેબ સીરીઝ, ડોક્યુમેન્ટરી, બ્રાન્ડ એફિલિયેશન, બિગ બજેટ મુવીઝ અને મેગા ફિલ્મ ઈવેન્ટ્સ, બિગ બજેટ મુવીઝ, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરની મેગા ફિલ્મ અને મ્યૂઝિક ઈવેન્ટ્સ અને ફિલ્મ એવોર્ડ્સ, રાજ્યમાં ફિલ્મ મેકર્સને આવકારવા માટે આ પોલિસી ફિલ્મ મેકર્સને વિવિધ સુવિધાઓ આપવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરશે.બોક્સ

ગુજરાતમાં ફિલ્મ શુટિંગ શા માટે?

ગુજરાતમાં પહાડીઓથી માંડીને દરિયાકિનારા સુધીના આકર્ષક સ્થળો, ધોળાવીરા જેવા ઐતિહાસિક સ્થળોથી લઈને મોર્ડન ગિફ્ટ સિટી, હેરિટેજ બિલ્ડીંગોથી લઈને આધુનિક બસ સ્ટેશન્સ અને બંદરો તેમજ કચ્છના સફેદ રણથી લઈને ગીરના જંગલો અને કેટલાંય અન્ય પ્રવાસન આકર્ષણો રહેલાં છે. આ બધાં પ્રવાસન આકર્ષણો તમામ મુલાકાતીઓને અનન્ય અને યાદગાર પ્રવાસનો અનુભવ પ્રદાન કરે છે, જે પ્રવાસન દ્રષ્ટિકોણથી ગુજરાતને સૌથી વધુ ઈચ્છનીય સ્થળ બનાવવામાં મદદરૂપ છે. પ્રવાસન સ્થળોનું વૈવિધ્ય, ઉચ્ચ સ્તરની આવાસીય અને અન્ય સુવિધાઓ, સુવિકસિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર, બહેતર કનેક્ટિવિટી અને ટ્રાન્સપોર્ટેશન સાથે સરકારનો સહયોગ એ ગુજરાતને શૂટિંગ હબ તરીકે પસંદ કરવા માટેના મુખ્ય કારણો છે. 'રામલીલા', 'કાઈપો છે', 'પીકુ', 'ડી-ડે', 'ટુ સ્ટેટ્સ', 'મોહેંજો દરો' અને 'લગાન'થી માંડીને ઓસ્કાર-નોમિનેટેડ ફિલ્મો સહિત ઘણી જાણીતી અને મોટા બજેટની ફિલ્મોનું શૂટિંગ ગુજરાતમાં થયું હતું.

'ગુજરાતી જાગરણ' ન્યૂઝ પોર્ટલનો પ્રારંભ

જાગરણ મીડિયા ગ્રુપ દ્વારા ગુજરાતમાં 'ગુજરાતી જાગરણ' ન્યૂઝ પોર્ટલનું લોન્ચિંગ

ગાંધીનગર તા.૦૯

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જાગરણ ગ્રૂપના 'ગુજરાતી જાગરણ' ન્યૂઝ પોર્ટલનો પ્રારંભ પ્રસંગે જણાવ્યું હતું કે, ઓફલાઈન અને ઓનલાઈન બંને માધ્યમ પર અગ્રેસર રહેલા અખબારી ગ્રુપનો ગુજરાતમાં પ્રવેશ થઈ રહ્યો છે ત્યારે સમગ્ર ગુજરાત વતી જાગરણ ગ્રુપને શુભકામના પાઠવું છું. તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, પત્રકારત્વ એ લોકશાહીનો ચોથો સ્તંભ છે ત્યારે આજે ડિજિટલ માધ્યમો આધુનિક પત્રકારો માટે મહત્વના બની ગયા છે. જાગરણ ગ્રુપ નવ જેટલા વિવિધ પ્લેટફોર્મ દ્વારા દર્શકોને માહિતી અને મનોરંજન પૂરું પાડે છે. એટલુ જ નહી જાગરણ ગ્રુપ દર્શકોને જાગૃત રાખવાનું દાયિત્વ પણ નિભાવે છે. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકાસની રાજનીતિથી દેશની કાયાપલટ કરી છે. આજે ગુજરાત દરેક ક્ષેત્રે અગ્રેસર છે. વિદેશી મૂડીરોકાણ એક્સપોર્ટ અને ઔદ્યોગિક ઉત્પાદનમાં ગુજરાત નંબર વન બન્યું છે અને આ બધું શ્રી નરેન્દ્રભાઈ મોદીના અર્થાત પરિશ્રમ અને લીડરશીપના કારણે શક્ય બન્યું છે એમ તેમણે ઉમેર્યું હતું. ગુજરાતના વિકાસની વાત કરતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વાઈબ્રન્ટ ગુજરાત થકી ગુજરાતમાં નવો અધ્યાય શરૂ કર્યો છે. શ્રી નરેન્દ્રભાઈએ વિકાસના એવા પાયા નાખ્યા કે ગુજરાત આજે દેશનું ગ્રોથ એન્જીન બન્યું છે. આ વિકાસયાત્રાને મક્કમ ગતિથી આગળ વધારવા હું અને મારી ટિમ પ્રતિબદ્ધ છીએ.

ગાંધીનગરમાં એગ્રી એશિયા-૨૦૨૨ પ્રદર્શન ખૂલ્લું મુકતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

જર્મની પેવેલિયન-પ્રાકૃતિક ખેતી વિષયક પેવેલિયન-ગોબરધન અને રાજ્ય-કેન્દ્ર સરકારની કૃષિ કલ્યાણ યોજનાઓનું વિશેષ પેવેલિયન પ્રદર્શનના મુખ્ય આકર્ષણો

ગાંધીનગર તા.૦૯

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરમાં ૧૧માં એગ્રી એશિયા પ્રદર્શનને ખૂલ્લું મુકતાં સ્પષ્ટપણે જણાવ્યું કે, ખેતીમાં સમયાનુકુલ અદ્યતન ટેકનોલોજીના ઉપયોગથી પાકવૃદ્ધિ અને કિસાન સમૃદ્ધિની વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની નેમ સાકાર કરવામાં ગુજરાત ખેતીને પ્રાથમિકતા આપીને અગ્રેસર રહ્યું છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ખેડૂતોની આવક બમણી કરી કૃષિ અર્થતંત્રને મજબૂત બનાવવા વડાપ્રધાનશ્રીએ જે કિસાન હિતકારી યોજનાઓ દેશને આપી છે તેનો સુચારૂ અમલ ગુજરાતમાં થઈ રહ્યો છે. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં ખેતી, ગામડુ, છેવાડાના માનવીના સર્વગ્રાહી વિકાસ માટેનો મજબૂત પાયો નાંખ્યો છે. ગુજરાત આજે કૃષિ, ઉદ્યોગ, એક્સપોર્ટ, નાણાંકીય વ્યવસ્થાપન, કોવિડ મેનેજમેન્ટ સહિત સર્વાંગી ક્ષેત્રે દેશમાં રોલમોડેલ બન્યું છે તેના મૂળમાં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલી વિકાસની રાજનીતિ અને સૌના કલ્યાણનો મંત્ર છે તેમ તેમણે ઉમેર્યું હતું. મંત્રી શ્રી રૂપાલાએ કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે સૌપ્રથમ ગુજરાતમાં પશુપાલન સાથે જોડાયેલી કામધેનું યુનિવર્સિટીની સ્થાપના અને કૃષિ મહોત્સવ થકી દેશને પશુપાલન અને કૃષિ સંશોધન ક્ષેત્રે નવી દિશા આપી છે. કેન્દ્ર અને ગુજરાત સરકારના સંયુક્ત પ્રયાસોથી રાજ્યના ખેડૂતોને ઝીરો ટકાએ કૃષિ ધિરાણ આપવામાં આવે છે. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શનમાં ભારતભરના ખેડૂતો આજે ડ્રોન ટેકનોલોજી થકી ખેતી કરતાં થયાં છે તેમાં પણ ગુજરાત સરકારે ખેડૂતોને ડ્રોન થકી ખેતીમાં દવાના છંટકાવ પર સબસિડી આપીને દેશને નવો રાહ ચિંધ્યો છે.

શહેર આદિવાસી કોંગ્રેસ ડિપાર્ટમેન્ટના પ્રમુખપદે પાયલબેન મેણાતની વરણી

ગાંધીનગર તા.૦૯

ગુજરાતના આદિવાસી જીલ્લાઓ, તાલુકાઓમાં અને શહેરી વિસ્તારોમાં કોંગ્રેસનું સંગઠન અને કોંગ્રેસની વિચારધારા જળવાઈ રહે તેવા આશયથી આદિવાસી કોંગ્રેસ ડીપાર્ટમેન્ટના ચેરમેન અનંત એચ. પટેલની સુચના અનુસાર વિવિધ વરણીઓ કરાઇ રહી છે જે અંતર્ગત ગાંધીનગરના પૂર્વ કોર્પોરેટર પાયલબેન મેણાતને ગાંધીનગર શહેર આદિવાસી કોંગ્રેસ ડિપાર્ટમેન્ટમાં પ્રમુખ તરીકે નિમણુંક આપવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે પાયલબેન મેણાત ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના પૂર્વ કોર્પોરેટર રહી ચૂક્યા છે અને તેમણે તેમના પતિ વિનોદભાઈ મેણાત સાથે મળીને પોતાના વોર્ડમાં નાગરિકોની સુવિધાઓ માટે સતત કાર્યરત રહીને સમસ્યાઓ ઉકેલવામાં પણ સેવા ભાવના સાથે પ્રસંશનીય કામગીરી બજાવીને સારી લોકચાહના પ્રાપ્ત કરી હતી. આ સાથે તેમના કાર્યકાળ દરમ્યાન પાયલબેન શહેરના નાગરિકોને નડતી સમસ્યાઓને વાચા આપવામાં અને નાગરિક હિતમાં વિરોધ પક્ષના સભ્ય તરીકે અવાજ ઉઠાવવામાં હંમેશા સક્રીય રહ્યાં હતા. પાયલબેન મેણાતના પતિ વિનોદભાઈ મેણાત કોંગ્રેસમાં પ્રદેશ કક્ષાએ આદિવાસી કોંગ્રેસ ડીપાર્ટમેન્ટના મંત્રી તરીકે સેવા આપી ચુક્યાં છે અને હવે પાયલબેન ગાંધીનગર શહેર કક્ષાએ આદિવાસી ડિપાર્ટમેન્ટમાં તેમની સેવાઓ પ્રદાન કરીને શહેરના આદિવાસી મતદારોમાં કોંગ્રેસના સંગઠનને વધુ મજબૂત કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે.

આવતીકાલે નિફ્ટ ગાંધીનગર ખાતે 'અહેલી ખાદી' પ્રદર્શન - ફેશન શો યોજાશે

મુખ્ય અતિથિ તરીકે કેવીઆઇસીના અધ્યક્ષ મનોજ ગોયલ હાજરી આપશે

ગાંધીનગર, તા.૦૯

યુવાનો માટે ખાદીને પ્રોત્સાહન આપવાનો પ્રધાનમંત્રીનો સતત પ્રયાસ રહ્યો છે. યુવાઓ અને વૈશ્વિક બજાર સુધી પહોંચવાના હેતુ સાથે નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ફેશન ટેક્નોલોજીના સહયોગથી ખાદી અને ગ્રામોદ્યોગ કમિશનને સમર્થન આપવા માટે એમએસએમઈ મંત્રાલય દ્વારા ખાદી માટે સેન્ટર ઑફ એક્સેલન્સની કલ્પના કરવામાં આવી હતી જેમાં હબ તરીકે દિલ્હી અને સ્પોક્સ મોડલ તરીકે બેંગલુરુ, ગાંધીનગર, કોલકાતા અને શિલોંગનું સેટ અપ કરવામાં આવ્યું છે. સીઓઈકે તા.૧૧મી સપ્ટેમ્બર, રવિના રોજ સાંજે ૬ કલાકે નિફ્ટ ગાંધીનગરના તાના રીરી ઓડિટોરિયમ ખાતે એક પ્રદર્શન અને ફેશન શો 'અહેલી ખાદી' રજૂ કરી રહ્યું છે. આ પ્રંસગે કેવીઆઈસીના અધ્યક્ષ મનોજ ગોયલ મુખ્ય અતિથિ તરીકે હાજરી આપશે. આ શોમાં કેવીઆઈસી અધિકારીઓ, શિક્ષણવિદો, ડિઝાઈનર્સ, ઉદ્યોગના સભ્યો અને વિદ્યાર્થીઓ હાજરી આપશે.'અહેલી' એટલે કે શુદ્ધ કે જે વાસ્તવિક ખાદી પૂરી પાડવા માટે સીઓઈકેની શોધમાંથી ઉદ્ભવ્યું છે, જે ખાદી સંસ્થાઓ પાસેથી સીધા જ પેઢીના ગ્રાહકો માટે ડિઝાઈન કરવા માટે પ્રાપ્ત થાય છે. સીઓઈકે ડિઝાઈનરોએ એથનિક, ફ્યુઝન, વેસ્ટર્ન અને કેઝ્યુઅલ લુકથી માંડીને વસ્ત્રો અને સાડીઓના છ અલગ-અલગ કલેક્શન ડિઝાઈન કર્યા છે. ઉત્કૃષ્ટ ખાદીમાં મૂલ્યવર્ધન માટે હેન્ડ એમ્બ્રોઈડરી, સ્ટીચ ડિટેલિંગ અને હેન્ડ બ્લોક પ્રિન્ટિંગનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ખાદીને વૈશ્વિક સ્તરે સ્થાન આપવા માટે ભારતીય હસ્તકલાને આંતરરાષ્ટ્રીય દેખાવ સાથે જોડીને વિવિધ વજનના ખાદી કાપડ અને યાર્ન સાથે હોમ લિનન કલેક્શન ડિઝાઈન કરવામાં આવ્યું છે. આ ઉત્પાદનોમાં કુશન કવર, રનર્સ અને ટેબલ લેનિનનો સમાવેશ થાય છે. સીઓઈકેનો ઉદ્દેશ્ય ખાદીને સંબંધિત, ઉચ્ચ ડિઝાઈન સ્તરે પ્રમોટ કરવાનો અને પિચ કરવાનો છે, તે ઘર અને વસ્ત્રોના ક્ષેત્રમાં બિન-બાયોડિગ્રેડેબલ બિનટકાઉ ઉત્પાદનને બદલવા માટે પર્યાવરણીય રીતે ટકાઉ ફેબ્રિક તરીકે ખાદીના ઉપયોગને પ્રોત્સાહિત કરવા માંગે છે. નિફ્ટ ગાંધીનગર ખાતે આ પ્રદર્શન અને ફેશન શો દરમ્યાન વિવિધ પ્રવૃતિઓનું આયોજન કરવામાં આવ્યું છે.

ડબલ એન્જિન સરકાર દ્વારા યાત્રાધામ અંબાજી ખાતે વિકાસકાર્યો બન્યા વેગવાન

ભાવિકોનું ઘોડાપુર અંબાજી તરફ ઉમટી રહ્યું છે. બે વર્ષ બાદ ભાવિકોમાં ભાદરવી પૂનમના મેળાનો અદમ્ય ઉત્સાહ જોવા મળી રહ્યો છે. પગપાળા અંબાજી પહોંચેલા યાત્રાળુ અહીં ઉભી કરવામાં આવેલી સુવિધાઓ અને વિવિધ યોજનાઓના અમલીકરણથી પ્રભાવિત થયા છે. ડબલ એન્જિન સરકાર દ્વારા યાત્રાધામ અંબાજી ખાતે વિવિધ વિકાસ કાર્યોને વેગવાન બનાવી યાત્રાળીઓની સુવિધામાં વધારો કરવામાં આવ્યો છે.



અંબાજી ખાતે વિકાસ કાર્યો

બનાસકાંઠા જિલ્લામાં આવેલ અંબાજી યાત્રાધામના ગબ્બર ખાતે તમામ શક્તિપીઠોના એક જ સ્થાને દર્શન થઈ શકે તે હેતુથી શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા પથનું નિર્માણ કરવામાં આવેલ. આ કામ સને ૨૦૦૮માં શરૂ કરેલ અને સને ૨૦૧૪માં રૂ.૬૧.૫૭ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવ્યા છે..

- શ્રી ૫૧ શક્તિપીઠ વિશે સરળ અને સહજ રીતે ઐતિહાસિક માહિતી મનોરંજનના માધ્યમ દ્વારા ઉપલબ્ધ થઈ શકે તથા આ પરિક્રમા પથનો વધુમાં વધુ શ્રધ્ધાળુઓ લાભ લે તે હેતુથી માર્ચ, ૨૦૨૨માં ગબ્બર ખાતે લાઈટ એન્ડ સાઉન્ડ શોની કામગીરી રૂ.૧૩.૩૫ કરોડના ખર્ચે પૂર્ણ કરી એપ્રિલ, ૨૦૨૨માં તેનું લોકાર્પણ કરવામાં આવેલ. શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવ ૨૦૨૨ બાદ પરિક્રમા પથ પર યાત્રાળુઓની સંખ્યામાં ૧૧ ગણો વધારો નોંધાયેલ છે જેનું મોનીટરીંગ ઇલેક્ટ્રોનિક સેન્સર મશીન દ્વારા દૈનિક કરવામાં આવે છે.
- અંબાજી યાત્રાધામ ખાતે આવેલ શ્રી કોટેશ્વર મહાદેવ મંદિર, મુ.કોટેશ્વર, તા.દાંતાના રૂ.૩.૦૦ કરોડની અંદાજિત રકમના વિકાસ કામો હાથ ધરવામાં આવ્યા છે.
- શ્રી માનસરોવર કુંડ, મુ. અંબાજી, તા.દાંતાના રૂ.૧.૮૫ કરોડની અંદાજિત રકમના વિકાસ કામો હાથ ધરવામાં આવ્યા છે.

- અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ દ્વારા હાલના પ્રસાદ માટે વૈકલ્પિક વ્યવસ્થા કરી સોમનાથ યાત્રાધામની જેમ ચીકી પ્રસાદનું વિતરણ શરુ કરવાનો નિર્ણય કરવામાં આવ્યા છે.
- અંબાજી મંદિર ખાતે ભારત સરકારની પ્રસાદ યોજના અંતર્ગત ટુરિસ્ટ ફેસીલીટી સેન્ટર રૂ.૨૬.૨૦ કરોડના ખર્ચે, ગબ્બર ખાતે પગથિયાનું રીનોવેશન રૂ.૧૪.૧૫ કરોડના ખર્ચે તેમજ સી.સી.ટી.વી.ની સુવિધા રૂ.૧.૫ કરોડના ખર્ચે આયોજન હેઠળ છે જે અંગે ભારત સરકારના પ્રવાસન મંત્રાલયની ટીમ દ્વારા તા.૨૮/૦૬/૨૦૨૨ ના રોજ સ્થળ મુલાકાત કરાઈ હતી.
- અંબાજી ખાતે નવીન સંસ્કૃત પાઠશાળા રૂ.૧૨ કરોડના ખર્ચ બનાવવા આયોજન કરવામાં આવેલ છે જેની ટેન્ડર પ્રક્રિયા હાથ ધરવામાં આવેલ છે. આ ઉપરાંત શ્રી દિવાળીબા ગુરુભવન ખાતે પી.પી.પી.મોડલ આધારિત યાત્રીનીવાસ રૂ.૨૫.૭૬ કરોડના ખર્ચે હાથ ધરવાની કામગીરી ટેન્ડર પ્રક્રિયા હેઠળ પ્રગતિમાં છે.
- અંબાજી મંદિર ખાતે પંચાયત હસ્તક વિવિધ ૧૪ રસ્તાઓની કામગીરી રૂ.૭૨.૨૩ કરોડના ખર્ચે હાથ ધરાયા છે.
- અંબાજી મંદિર ખાતે માર્ગ અને મકાન વિભાગ રાજ્ય હસ્તક હિંમતનગર આબુ બાયપાસ રોડની કામગીરી રૂ.૧૨૪ કરોડના ખર્ચે ટેન્ડર તબક્કે પ્રગતિમાં છે.
- અંબાજી આસપાસના જળાશયોનો વિકાસ ઈકો ટુરીઝમ પ્રોજેક્ટ અંતર્ગત નવા મોટા-નાના ચેકડેમો તથા જુના ચેકડેમોનું રીપેરીંગની કામગીરી પ્રગતિ હેઠળ છે.
- વનવિભાગ દ્વારા અંબાજી ખાતે માંગલ્યવનનો પુનઃવિકાસની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. આ ઉપરાંત પ્રકૃતિ શિક્ષણ શિબિર સ્થળનો વિકાસ રૂ.૧.૨૫ કરોડના ખર્ચે, નેચરલ ટ્રેઈલનો વિકાસ રૂ.૪૫ લાખના ખર્ચે તથા ઈન્ટરપ્રિટેશન સેન્ટરનો વિકાસ રૂ.૩ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવશે.
- ખાણકામ અને ભૂસ્તર શાસ્ત્રીની કચેરી દ્વારા ઈમર્જીંગ સ્ટોન અને સ્કલ્પચર મ્યુઝીયમ બનાવવાની કામગીરી આયોજન હેઠળ છે.

ભાદરવી પૂનમના મેળા માટે અમલીકરણ કરવામાં આવી રહેલી વ્યવસ્થાઓની વિગતો

રાજ્ય સરકાર ધ્વારા અંબાજી ખાતે ભાદરવી પૂનમના મેળાનું અમલીકરણ કરવામાં આવી રહયું છે. મા અંબેના દર્શન અને આર્શીવાદ માટે અંબાજી જતા યાત્રિકોને શ્રેષ્ઠ સુવિધા પૂરી પાડવા માટે રાજ્ય સરકારના ૧૦ થી વધુ વિભાગો તેમજ ઝઈ્ યુનિવર્સિટી, ખાનગી એજન્સીઓ અને મંદિર ટ્રસ્ટને વિવિધ સુવિધાઓનું (રસ્તા,પાણીની સુવિધા, શૌચાલય,સફાઇ, પાર્કિંગ, બસ-સ્ટેશન, મેડિકલ, સુરક્ષા અને સલામતી) આયોજન અને તે તમામ સુવિધાઓને અંતિમ સ્વરૂપ આપી તેનું સંકલન અને માર્ગદશન આપવામાં આવી રહયું છે. CEPT યુનિવર્સિટી ધ્વારા યાત્રાળુઓ માટે મુવમેન્ટ પ્લાનને નકકી કરવામાં આવ્યું છે તેમજ અંબાજી મંદિર સુધી પહોંચતા તમામ માર્ગો પર યાત્રાળુઓ માટે જરૂરી સુવિધાઓને અંતિમ સ્વરૂપ આપવામાં આવ્યું છે.

વિવિધ વિભાગો દ્વારા કરવામાં આવનાર સુવિધાઓની વિગતો

- GSRTC ધ્વારા અંબાજીની આશરે ૨૦,૦૦૦ થીવધુ બસ ટ્રીપનું આયોજન કરવામાં આવેલ છે જે ગતવર્ષની સરખામણી કરતા લગભગ ૨૦% થી વધુ છે. ઉપરાંત, અંબાજી માટે ઈ-બસચલાવવાનુંપણઆયોજનકરવામાં આવી રહ્યું છે.
- GSRTC ધ્વારા અંબાજી ખાતેના તમામ બસસ્ટેશન ઉપર એનાઉન્સમેન્ટ, પાણીની, શૌચાલયની તેમજ સફાઈની સુવિધાનું પણ આયોજન કરવામાં આવ્યું છે.
- ખાનગી વાહનો માટે આશરે ૨૧ પાર્કિંગ સ્થળો અને GSRTC બસો માટે ૫ પાર્કિંગ સ્થળોનું અમલીકરણ કરવામાં આવી રહ્યું છે, જે અગાઉના ભાદરવી પૂનમના મેળા કરતાં લગભગ બમણું છે.
- ગયા વખતની સરખામણીએ આ વર્ષે અંબાજી અને તેની આસપાસના વિસ્તારમાં યાત્રિકો માટે લગભગ બમણી સંખ્યામાં શૌચાલયો મૂકવામાંઆવ્યા છે.
- અંબાજીને ૭ ઝોનમાં વહેંચવામાં આવ્યુંછે અને દરેક ઝોન માટે અલગ સફાઈ ટીમ તૈનાત કરવામાં આવી છે. આ ઉપરાંત, ૨૪ પાર્કિંગ સ્થળો –અલગ ટીમોનું આયોજન કરવામાં આવ્યું છે.
- જરૂરી સાધનો સાથે ૧૦૦ લોકોની AMC ટીમ ૨જી સપ્ટેમ્બરથી ૧૨મી સપ્ટેમ્બર સુધી તૈનાત કરવામાં આવી છે. આ ટીમ મેળા પહેલા, મેળા દરમ્યાન અને મેળાની સમાપ્તિ બાદ પણ સફાઇ સાથે સતત સંકળાયેલી રહેશે.
- જરૂરી સ્થળોએ આશરે ૨૫૦ જેટલી કચરાપેટી મુકવામાં આવી છે.
- આરોગ્ય વિભાગે ૩૮ મેડિકલકેમ્પ/દવાખાનાઓનું આયોજન કર્યું છે જે ગત વખતની સરખામણીમાં લગભગ બમણું છે.
- ગબ્બર ટેકરી પર 3D પ્રોજેક્શનના બહુવિધ શો સાથે ૯મી સપ્ટેમ્બરે મેગા આરતીનું આયોજન કરવામાં આવ્યું છે.
- યાત્રાળુઓની સુરક્ષા અને સલામતી સુનિશ્ચિત કરવા માટે ૬,૦૦૦ થી વધુ પોલીસ કર્મચારીઓને તૈનાત કરવામાં આવ્યા છે.
- ૪૫ બોડીવોર્ન કેમેરા, ૩ ડ્રોન કેમેરા અને ૩૦૦ થી વધુ સીસીટીવી કેમેરાનો સર્વેલન્સ માટે ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.
- અંબાજી મંદિરના રૂટ પરની લગભગ ૭૧ વનકુટીરને વન વિભાગ દ્વારા સુશોભિત અને રોશની કરવામાં આવી છે.